નં: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/કોસ્ટ/૨૩
જી.આઇ.ડી.સી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તા: ૩૧/૧૨/૨૦૧૯

# //પરિપત્ર//

વિષય : નરોડા ઔદ્યોગીક વસાહતમા આવેલ હાઉસિંગ ઝોનના ઔદ્યોગીક ઝોનમાં રૂપાંતરીત વિસ્તારનો ફાળવણીદર નક્કી કરવા બાબત

નિગમની ૫૦૫મી સભામા નરોડા ઔદ્યોગીક વસાહતમા આવેલ હાઉસિંગ ઝોનના ઔદ્યોગીક ઝોનમાં રૂપાંતરીત કરાયેલ વિસ્તારનો ફાળવણીદર નક્કી કરવા બાબત રજુ થયેલ એજન્ડાની વિગતો પરત્વે બોર્ડ દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ નીચે મુજબ નક્કી કરવામા આવે છે.

(૧) નરોડા ઔદ્યોગીક વસાહતમા આવેલ હાઉસિંગ ઝોનમાંથી ઔદ્યોગીક ઝોનમાં રૂપાંતરીત કરવામા આવેલ વિસ્તારનો ફાળવણીદર રૂ. ૯,૦૦૦/- પ્રતી ચો. મી. નક્કી કરવામા આવે છે.

(૨) રૂપાંતરિત વિસ્તાર એ નરોડા ઔદ્યોગીક વસાહત નો જ ભાગ ગણાશે તથા તે મુજબ આ વિસ્તારમાં પૂર્ણ વિકસિત વસાહતના ધોરણે નિતિ નિયમ અનુસાર ફાળવણી કરવાની રહેશે.

(3) મુદ્દા નં (૧) મા જણાવ્યા મુજબનો ફાળવણીદર ફક્ત હાઉસિંગ વિસ્તારમાથી ઔદ્યોગિક વિસ્તારમા રૂપાંતરીત વિસ્તાર પર જ લાગુ કરવાનો રહેશે. જે અંગે નિગમની એ.ટી.પી. શાખાએ સુધારેલ ડી.ડી. પ્લાન તથા તે મુજબ યોગ્ય ડીમાર્કેશન કાર્યવાહી કરવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ તથા વહીવટી સંચાલક
જી.આઇ.ડી.સી., ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારુ....

રવાના કર્યુ

મેનેજર(મહેકમ)
જી.આઇ.ડી.સી., ગાંધીનગર